ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

બે વર્ષથી, સરકે સત્તા, ઝલક મળી ગઈ છે!
છે ઉઠતી બજાર એની, સમક પડી ગઈ છે!
નડી રહી છે ટેવ સત્તાઓ આંચકી લેવાની -
કોમી કાયદા કરવાની ચાનક ચડી ગઈ છે!
(હવે આવે છે કોમન સિવિલ કોડ)

### હાઈકુ

ખોળંગાય છે -
ચાણક્ય ચાલે આવી
મચકોડ છે!

છીંડી નાવ ને
ડૂબાડે જો કિનારો
બચાવે કોણ ?

### ચિંતન

પર ઉપદેસ કુસુમ બહતેરે,
જે આચરહિ તે નર ઘને રે ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

બીજાને ઉપદેશ આપનાર કુશળ હોય એવાં લોકો તો અનેક હોય છે પણ ઉપદેશ પ્રમાણે પોતાનું આચરણ હોય એવાં લોકો આ સંસારમાં ખૂબ ઓછા હોય છે.

આજના યુગમાં સંત-મહાત્મા, ગુરુઓ, નેતાઓ, સાહેબો, શિક્ષકો, અધિકારીઓ, મિત્રો બધાં ઉપદેશની બાબતમાં કોઈ પાછા પડે તેમ હોતા નથી. બીજા લોકોની ફરજ શી છે, કર્તવ્ય શું છે, તમારો આદર્શ શું હોઈ શકે છે. જીવન વહેવારમાં કેમ જીવવું એનું સ્પષ્ટ ચિત્ર તમને દોરી આપે છે, પરંતુ જ્યારે પોતાને આચરણમાં, પોતાની ફરજમાં શું આવે છે તેનું ભાન હોવા છતાં તેમાં શી શી મુશ્કેલીઓ બાધા અડચણો છે તેની યાદી જ રજૂ કરતા હોય છે.

બીજાને ઉપદેશ આપવામાં આપણી બહાદુરી જ્યારે ફરજ અને આચરણ સુધી પહોંચે ત્યારે પગે પાણી ઊતરે છે, અને આપણે બહાના બતાવી ફરજ-નિષ્ઠામાં કેમ કચાશ રહી તેનાં કારણો આપતાં રહીએ છીએ, આ માનવ સહજ નબળાઈ જ છે.

### સુવિચાર

- મન પ્રતિક્રિયા જ કરે છે, ક્રિયા કરતું જ નથી, એટલે સાચું માનવીય જીવન તો માનસિક ક્રિયાઓ શાંત થાય પછી જ શરૂ થાય છે - **વિમલા ઠાકર**
- સત્ય જ મનને સંપૂર્ણ ખાલી કરે છે - **ગાંધીજી**
- કોઈ પણ વખતે આપણે સમગ્ર કે અખિલ હોતા નથી, આપણે બહુ જ ખંડિત રીતે જીવીએ છીએ અને આપણી આ ખંડિતતા જ દુઃખનું મૂળ છે - **રજનીશ**
- અધ્યાત્મ આંતરિક ક્રાંતિ છે, ઊર્જાની આંતરિક ક્રાંતિની આજે આપણને ખૂબ જ આવશ્યકતા છે - **અખંડ આનંદ**
- ધર્મમાં પ્રાપ્તિ છે, અધ્યાત્મમાં ઉપલબ્ધિ છે, એકમાં કમાવાનું છે બીજામાં જોડવાનું - સમજવાનું છે - **રોહિત શાહ**
- ભૂલો અને ચાલાકી ભર્યા બચાવો મનમાં દુર્ગંધ મારતા ઉકરડા જેવા બની રહે છે - **શિવખેરા**
- આજનું ઔષધ : સરગવાના પાનનો તાજો રસ કાઢી પીવાથી હેડકી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આજકાલની પત્ની પત્નીને ફક્ત 'મની મેકિંગ મશીન' માગે છે. મોંઘા કપડા, દાગીના, ગાડી,પરદેશ પ્રવાસ કરાવે તે પતિ સારો,એ માટે પતિએ રાત-દિવસ અણગમતો ઢસરડો કરવો પડે.

વસિષ્ઠ ઋષિનો આશ્રમ રાજયના પૈસે ચાલતો. રાજાનો આશ્રમ પર જીવતા હોવાથી વસિષ્ઠને થોડી ચાપલૂસી પણ કરવી પડતી. જે વાત ઋષિ પત્ની અરુંધતીને બિલકુલ પસંદ નહોતી. એક વાર, સવારના ઋષિ વસિષ્ઠ, રાજકુંવર, મંત્રીપુત્ર અને બીજા શિષ્યોને ભણાવી રહ્યા હતા. અરુંધતી ચોખા વીણતા વીણતા ઋષિની વાણી પણ સાંભળી જ્ઞાન પામી રહ્યા હતા. સૌ એ જ્ઞાનના પ્રવાહમાં રસબોળ થયા હતા. ત્યાં અચાનક રાજાનો દૂત સંદેશો આપવા આવ્યો અને દૂતે કહ્યું, 'ઋષિરાજ, મહારાજને આપનું તાત્કાલિક કામ છે. તાબડતોબ મારી સાથે ચાલો.' વસિષ્ઠ તૈયાર થવા જતા હતા. ત્યારે ચોખા વીણતા ઋષિ પત્ની અરુંધતીએ તેમને વાર્યા. 'મારા અને ઘર માટે જ તમારે રાજા કહે તેમ કરવું પડે છે ને?' હું કહું છું રાજા પાસે ન જાઓ. જેટલું હશે જેવું બી હશે. તેમાં હું તમારું ઘર ચલાવીશ. રાજાની ચાપલૂશી છોડો.'

પતિનું સ્વાતંત્ર્ય અને રસ સમજી જે પત્ની, પતિના કામ માટે સગવડ કરી આપે અને બલિદાન આપે તે સાચી અર્ધાંગના. અરુંધતીએ તે દાંપત્યધર્મ બજાવ્યો. તે કારણે જ અરુંધતીને પણ સપ્તર્ષિના તારક ગુચ્છ સાથે વસિષ્ઠ પાસે સ્થાન મળ્યું છે.

આજે પણ સૌરાષ્ટ્રના ઘણા લગ્ન પ્રસંગોમાં લગ્નવિધિ સમયે સાત ફેરા સાથે લગ્ન કરાવનાર પુરોહિત કન્યાને શીખ આપે છે : 'અરુંધતી જેવી થજે.'

# અવૈજ્ઞાનિક અભિગમ છોડીએ અને છોડાવીએ

### તંત્રીસ્થાનેથી...

ભુજની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થામાં કન્યાઓના માસિક ધર્મ સંદર્ભે થતી ચકાસણી ચર્ચા કરતાં સવિશેષ વિષાદની બાબત ગણાવી જોઈએ. સ્ત્રીને માસિક ધર્મ આવે છે એટલે જ એ સ્ત્રી છે અને માતૃત્વની ક્ષમતા ધરાવે છે. માસિક ધર્મ એ કુદરતી પ્રક્રિયા છે, જે કુમારિકામાંથી એને ગર્ભધારણ કરવાની લાયકાતવાળી યુવતી બનાવે છે. સૃષ્ટિચક્રમાં સ્ત્રી બીજ સાથે પુરુષના શુક્રાણુનો સંયોગ નવા જીવનું શિલારોપણ બની રહે છે. આપણા પૂર્વજો પાસે આ જ્ઞાન તો હતું જ, પરંતુ માસિક ધર્મ દરમિયાન જનનાંગમાંથી થતા રક્તસ્ત્રાવને કારણે સ્વાભાવિક રીતે જ સ્ત્રી શારીરિક રીતે થોડી શિથિલતા અનુભવતી હોય છે-એ મુદ્દે એને એટલા દિવસો પૂરતો આરામ મળી રહે એવા શુભાશયથી જ એને રોજિંદા કાર્યોમાંથી રજા આપવાની પ્રથા શરૂ થઈ હશે. કાળક્રમે આમાં 'આભડછેટ'નો વાઈરસ ભળ્યો હોવો જોઈએ. સ્ત્રી પર ફરજિયાત આરામ આપવાના ઈરાદાથી પણ આવી નકારાત્મક પાબંદી લાગી હોય તો તે વખોડવાપાત્ર જ ગણાય. એક વાર પરંપરાનું સ્વરૂપ પકડે તે પછી તેને મજબૂતાઈ આપવા માટે ધર્મની આડશો ઉભી કરી દેવાતી રહી છે. માસિક ધર્મમાં બેઠેલી સ્ત્રી એના પતિ માટે પણ અસ્પૃશ્ય ગણાતી એની પાછળ પણ મૂળે તો એને આરામ મળી રહે એવો જ આશય હશે. માસિક ધર્મ પૂરો થયા પછીના અઠવાડિયા દરમિયાન સમાગમ કરવાથી ગર્ભધારણની શકયતા સવિશેષ રહે છે. કારણ કે તે સમયે સ્ત્રીનું ઈંડુ અંડાશયમાંથી નીકળી ગર્ભાશયમાં પ્રવેશ્યું હોય છે. આ બધી કુદરતી પ્રક્રિયાને સમજયા વગર જ માસિક ધર્મ વિશે ખોટા અને અવૈજ્ઞાનિક વલણ અપનાવતી ધાર્મિક માન્યતાઓને જાકારો આપવાનો સમય પાકી ગયો છે. આજે એ જ હિંદુ ધર્મ પાળતી કન્યાઓ અંતરીક્ષયાનોમાં ઊડતી થઈ છે, વિમાન ઉડાડે છે. તબીબી વ્યવસાય પર તો એ અધિકારપૂર્વક છવાઈ ગઈ છે. પેઢીઓથી ચાલી આવતી રૂઢ માન્યતાઓનું પધ્ધતિસર પૃથક્કરણ થવું જોઈએ અને જેમાં સ્ત્રીને હીન ચીતરવાનો પ્રયાસ થયો હોય એને એકી ઝાટકે સમાપ્ત કરી દેવી જોઈએ. ભુજ ઘટના આંખ ઉઘાડનારી હોવા છતાં રૂઢિચુસ્ત વૈષ્ણવ સમાજ માટે આશ્ચર્યજનક નથી કારણ કે એ પરંપરામાં ઉતરેલી વિકૃતિ છે, ખ્રિસ્તી કે મુસ્લિમ પરિવારમાં આવી પરંપરાગત વિકૃતિ નથી. અલબત્ત, સ્ત્રી ઉપરના 'ખત્ના' જેવા જુલમ તો માસિક ધર્મ દરમિયાન એને અભડાયેલી ગણવા કરતાં પણ વધૂ ક્રૂર છે. ધર્માધ્યક્ષો આખરે તો પુરુષ માનસિકતા ધરાવતા હોય છે. શાસ્ત્રોના નામે સ્ત્રીઓ પર અધિકાર જમાવવાની ચેષ્ટા યુગોથી થતી રહી છે. એક જાગ્રત મહિલા વિચારકની ફેસબુક પર ફરતી પોસ્ટ આપણને અંદરથી ઢંઢોળવા પૂરતી લેખાશે. એ લખે છે : 'સ્ત્રીના માસિક ધર્મનો છોછ રાખનાર, એને અછૂત સમજનાર લોકોને કે સંપ્રદાયના વડાઓને એટલીય ખબર પડતી નહીં હોય કે એમની માતા પણ માસિક ધર્મમાં બેઠી હશે ત્યારે જ એમનો જન્મ શકય બન્યો હશે!' ભુજની ઘટના જગત સમક્ષ આપણને અવૈજ્ઞાનિક વલણો ધરાવતી અભણ પ્રજા તરીકે ઓળખાવવા પૂરતી ગણાય!

# ભારતની ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સુધારો જરૂરી : સુપ્રિમ કોર્ટ



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

કાયદાના શાસન, સુશાસન, સુરક્ષા અને પુનઃ સ્થાપના જેવા પ્રગતિશીલ લક્ષ્યોને સ્વીકારવાના બદલે ભારતની ક્રિમીનલ જસ્ટીસ પ્રશ્નાતાપના વ્યવહારૂ મૂલ્યોને અનુસરી રહી છે. રૂઢીગત ન્યાય પ્રણાલીમાંથી હવે બહાર આવવાનો સમય પાકી ગયો છે.

ભારતમા ન્યાયને આદીકાળથી પવિત્ર માનવામાં આવ્યો છે. જેના લક્ષ્યને સિધ્ધ કરવા માટે ભારતની ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ કેટલીવાર ક્રાઈમ કન્ટ્રોલ કરવા વ્યવહારૂ પાસા ઉપ ભાર મુકતી હોય છે. ક્રાઈમ કન્ટ્રોલ એ એક સામાજીક રીતે થતી પ્રક્રિયા પણ ગણવામાં આવી છે. અપરાધીને સમાજમાં નીચા દર્શાવવો તેની સામે ક્રુરતા આચરવી, એન્કાઉન્ટર કરી સમાજમાં ગુન્હેગાર ઉપર ધાક બેસાડી ક્રાઈમ કન્ટ્રોલ કરવો તથા કસ્ટડીમાં અપરાધીઓ સામે ત્રાસદાયક, પીડાદાયક વ્યવહાર કરવો જેથી બહાર નીકળી તેનું વર્ણન કરતા આરોપીઓની કથની સાંભળી અન્ય આરોપીઓ ભયના માર્યા ગુન્હો કરવાનું છોડી દે, કેટલાક ચોક્કસ કારણોસર અપરાધી પશ્ચાતાપ કરે તેવી સીસ્ટમને સ્વીકારવા માટે આપણો સમાજ તૈયાર નથી. ગુન્હેગારને પશ્ચાતાપ કરવાનો મોકો આપવો જોઈએ તથા પાપનો પશ્ચાતાપ કરવાની તક આપવી એ આદીકાળથી ધર્મ સાથે પણ સંકળાયેલ પ્રક્રિયા છે જેને ન્યાય ધર્મમાં ઉતારવી જોઈએ.

હાલમાં નિર્ભયા કાંડને લઈને ચાર આરોપીઓને ફાંસીની સજાની તરફેણ તથા વિરોધ બન્ને તરફનો સુર ઉઠવા પામતા ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં પુનઃ વિચારણા કરવાની માંગ ઉઠવા પામી છે. ફાંસીનો વિરોધ કરનાર માનવતાવાદી અભિગમ ધરાવના વર્ગ ઘણો મોટો છે. તેમની લાગણીને ઠેસ પહોંચાડી ગુન્હેગારો સામે તેમની અત્યાચાર આચરવા માટે વિરોધ નોંધાવનાર એક વર્ગ છે જેમાં સુપ્રિમ કોર્ટના વરીષ્ટ ધારાશાસ્ત્રીઓ પણ સામેલ છે. ફાંસીવાદને જાકારો આપવા માટે ગાંધીવાદી મૂલ્યોમાં માનનારો વર્ગ ઘણો મોટો છે તો એક તરફ સમાજનો બીજો વર્ગ ગુન્હેગારોને કડક સજા કરવાના પક્ષમાં છે પરંતુ ભારતની ન્યાય પ્રણાલી એકતરફ છે અને ધર્મ એકતરફ છે. ક્ષમા વિરસ્ય ભૂષણમ માં માનનારો વર્ગ ઘણો મોટો છે. માનવતાવાદી વલણ અખત્યાર કરવું જ જોઈએ અને ન્યાયીક પ્રણાલીને ખરા અર્થમાં ન્યાય ધર્મ મુજબ સુધારો કરવો એ સમયની માંગ છે. કેટલા દુષકર્મના આરોપીઓને ક્ષમા વિષે વિચારવું તે લગભગ અસંભવ છે પરંતુ દરેક ગુન્હેગારને પોતાનો બચાવ કરવાની પૂરતી તક આપવી એ ન્યાયીક પ્રક્રિયા છે. જેમાં વિલંબ થવો એ સ્વાભાવિક ઘટના છે. જેને ગુન્હેગારની કોઈ એકની લાગણી સાથે જોડી શકાય નહિ. ગુન્હેગારની ક્ષમા માટે અરજીએ ગાંધીની ભૂમી ઉપર અનેક પ્રશ્નો સજર્યા છે. ન્યાય પ્રણાલી ઉપર પણ શંકા ઉત્પન્ન કરેલ છે. ક્રિમીનલ જસ્ટીસ એટલ માટે બનાવવામાં આવી છે કે તે પીડીતાને કે તેના પરિવારને સાંત્વના આપી શકે કે ન્યાય મલ્યો અને કાયદો કોઈપણ વ્યક્તિ પોતાના હાથમાં ના લઈ શકે પછી તે ભલે સુરક્ષા અધિકારી કે કેમ ના હોય, ક્રિમીનલ જસ્ટીસમાં માનનારો વર્ગ કેટલોક પેટા સંસ્કૃતિની વગ નીચે કામકાજ કરતા હોય છે કેટલાક કારણોસર અપરાધીઓ પશ્ચાતાપ કરે તેનાથી પ્રેરાઈ ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ પગલા લે તેનો સ્વીકાર કરવા સમાજ તૈયાર નથી. વર્તમાન પરિસ્થિતિમાં સમાજ ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ ઉપરથી વિશ્વાસ ગુમાવી બેસે છે ત્યારે દેશની ન્યાય પ્રણાલીમાં સુધારોનો અવકાશ માંગી લે તેમ છે. ત્વરીત ન્યાય માટેની માંગ ઉઠવા પામી છે પરંતુ ત્વરીત ન્યાય આપવા જતા ગુન્હેગારોના હક્ક ઉપર તરાપના મારી શકાય. કોઈપણ ગુન્હેગારને સ્વબચાવની પૂરેપૂરી તક આપવાની જોગવાઈ ભારતના સંવિધાન અને ન્યાય પ્રક્રિયામાં સમાયેલી છે. જેનો ભરપુર ટેકનિકલ ઉપયોગ કાયદાવિદો તથા ગુન્હેગારો કરતા જ હોય તે સ્વભાવિક છે. દુષ્કર્મના આરોપીઓને પોલીસ જાહેરમાં ઠાર મારે તેને સમાજ વધાવી લે છે તો બીજી તરફ કસ્ટોડીયન મૃત્યુને ધિક્કારે છે તેમજ કસ્ટડીમાં ગુન્હેગારોને આપવામાં આવતા દંડ તથા અત્યાચારને વખોડે છે. સમાજ કઈ તરફ વિચારે છે તે નક્કિ નથી પોલીસ દ્વારા ત્વરીત મૃત્યુ દંડની અપાતી સજાથી સમાજને સંતોષ છે તો બીજો સમુદાય તેને અવગણે છે. માનવ અધિકારના ભંગ સમાન ગણે છે. ટૂંકાગાળાના ફાયદાને સ્વીકારી તેનાથી ક્રિમીનલ જસ્ટીસમાં થતા લાંબા ગાળાના નુકશાનને આપણે અવગણી શકીએ નહિ. આપણી સીસ્ટમ હાલમાં ગુન્હેગારની ધરપકડ, જામીન, દંડ, સજા, મૃત્યુ દંડ વિગેરે પરિભાષા સમય જતા બદલાતી જાય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમની ભૂમીકા એ વેરની વસુલાતમાં પૂરતી સીમીત નથી. આ સીસ્ટમમાં અપરાધી, પીડીત અને સમાજ વચ્ચે દયા, કરૂણા અને માનવતાના સંબંધો છે.

અનુસંધાન પાના નં ૭ પર

# સ્ત્રી, પુરૂષ એકબીજાના પૂરક છે અને સમજણપૂર્વકનું સહજીવન આ સંસારને મહેકાવી ઊઠે છે

નથી ગમતું ઘણું, પણ કૈંક તો એવું ગમે છે -
બસ, અને કારણે આ ધરતીમાં રે'વું ગમે છે!
છે ચારે કોર માનવ-સરજી નકરી મુશ્કિલો તો,
પરંતુ કૈંક છે જેથી એ સૌ સહેવું ગમે છે!...

**- કરસનદાસ માણેક**

આજનો આ આધુનિક સમય ટેકનોલોજી, સોશિયલ મીડિયા અને દેખાડો કરવામાં વધુ માનતો હોય એવું લાગે છે ! સમાજમાં પરિવર્તન આવ્યું જ નથી એમ કહેવું ભૂલભરેલું છે પણ આજે પણ બહારથી આધુનિક દેખાતી, નોકરી કરતી, પોતાના સપના પૂરા કરવા સતત મહેનત કરતી સ્ત્રીની ઘરમાં, પોતાના જ લોકો સામે ઉપેક્ષા થતી હોય એવું બની શકે છે ! બહારથી બધું દેખાતું હોય તેટલું અંદરથી પણ સુંદર અને Perfect (પરફેક્ટ) હોય તે જરૂરી નથી. સ્ત્રીને મારવા માટેનું કારણ પુરુષ કે સમાજ ગમે તે આપે પણ પુરુષોના આ કૃત્યને ચલાવી ન જ લેવાય ! ખરેખર તો સ્ત્રી કે પુરુષ કોઈને પણ મારવું એ એક અપરાધી કૃત્ય જ કહેવાય, કારણ કે ગમે તેવું Valid (યોગ્ય) હોય પણ !

'પોતાની સ્ત્રીને મારવાના આરોપસર એક માણસને અદાલતમાં ખડો કરવામાં આવ્યો. એની 'દર્દ-કહાણી' સાંભળીને ન્યાયાધીશે એને 'પ્રોબેશન' પર છોડ્યો. વળતે દિવસે જ સ્ત્રીનાં હાડકાં ફરી ખોખરાં કરનાર એ આદમી તે જ ન્યાયાધીશ સમક્ષ પાછો ખડો થયો. 'સાહેબ, વાત જાણે એમ બની કેં, ધૂંવા પૂંવા થયેલા ન્યાયાધીશ પાસે ખુલાસો કરતા એણે જણાવ્યું, 'કાલનો દિવસ મારો બહુ ખરાબ ગયો - અહીં કોરટમાં, આટલા બધા માણસો વચ્ચે, સાહેબ, મારું માથું ફાટફાટ



થતું હતું. એટલે મને થયું કે જરાક નશો કરું તો કંઈક કળ વળશે. પછી થોડોક વધુ... અને વળી થોડો વધારે. અંતે જયારે હું ઘેર પહોંચ્યો ત્યારે બાપડીએ મને 'પીટ્યા દારૂડિયા' કહીને વધાવ્યો. ... તોયે નામદાર મેં કાંઈ કર્યું નહીં. મારી દશાનો મેં વિચાર કર્યો ને મને લાગ્યું કે એનો ગુસ્સો સાવ ગેરવાજબી નહીં હોય.' ત્યાં તો એ પાછી તાડૂકી, 'મૂઓ નઘરોળ, હરામનાં હાડકાંનો !' તોય, સાહેબ, મેં કાંઈ કર્યું નહીં. મારી છૂટી ગયેલી નોકરીનો ને ચડી ગયેલા ઘર ભાડાનો વિચાર મને આવ્યો અને હું મૂંગો મૂંગો સાંભળી રહ્યો. 'પણ નામદાર એ કાળમુખી એવું બોલી કે, રોયા મેજિસ્ટ્રેટમાં દીપુંય અક્કલ બળી હોય તો આ નખ્ખોદિયાને જેલ ભેળો જ કર્યો હોત !



### WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

'અને, સાહેબ, આવી રીતે એણે નામદાર કોર્ટને ગાળ દીધી એ તો મારાથી કોઈ રીતે સહન થયું નહીં !'

આ ઉદાહરણ એ રીતે હળવી વાત છે પણ ખરેખર કારણ ગમે તે હોય પુરુષ જયારે પણ સ્ત્રી પર હાથ ઉગામે ત્યારે તે માત્ર અને માત્ર તેની નબળાઈ જ દર્શાવે છે. આપણે ઘણા લોકોને કહેતા સાંભળ્યા છે કે વ્યસન છોડવું એ ખૂબ અઘરી બાબત છે; ખાસ કરીને પુરુષો માટે દારૂ કે સિગારેટનું વ્યસન છોડવું અશક્યવત્ હોય છે ત્યારે જો એક સાદો વિચાર કરીએ તો જણાશે કે સ્ત્રી પોતાનું ઘર, પોતે જયાં જન્મી, ઉછરી અને મોટી થઈ એ સ્થળ, એ મા-બાપ આ તમામને છોડીને એક જ રાતમાં પારકી જગ્યાને અપનાવી લે છે તો આ સામાન્ય વ્યસન છોડવું પુરુષ માટે અઘરું કઈ રીતે હોતું હશે ? ખરેખર, સ્ત્રી એ પુરુષ કરતાં કેટલા દઢ મનોબળવાળી ગણાય એ વિચારવા યોગ્ય બાબત છે! અને જો વ્યસન દુઃખ અને દર્દને હળવું જ કરતું હોત તો તો સ્ત્રીને જ તેની સૌથી વધુ પડતી હોત.

સ્ત્રી, પુરુષ એકબીજાના પૂરક છે અને સમજણપૂર્વકનું સહજીવન આ સંસારને મહેકાવી ઊઠે છે. પણ શાબ્દિક પ્રકાર કે માનસિક સતામણી કે પછી હાથ ઉગામવાની વાત આવે ત્યારે આ તમામ બાબતનો વિરોધ થવો જ જોઈએ.

**Last Seen :**

મુલાયમ ગુલાબ - શું હૃદય, ધૈર્ય મેરું સમું,
પ્રચંડ પુરુષાર્થ ધોધ, નભશાં ઊંડાં સ્વપ્ન કૈં.
ન કોઈ પ્રતિ દ્વેષ, સત્ય પછી છોડવું શે પડે ?
ન કોઈ ભય, વર્તવું કયમ પડે જ હિંસાથી તો ?

- ઉમાશંકર જોશી

- nehalgadhavi101@gmail.com

# વંચિતોમાં જાગૃતિ અને અનામતનાં રાજકારણમાં ન્યાય



### અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

સત્તાધીશોમાં સત્તા માટેની ખેંચાતાણ એટલી હદે વકરી છે કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અધિકારીઓ પર પ્રભાવ ધરાવનારાં આનંદીબહેન પટેલનો પાટીદાર અનામત આંદોલનમાં બલિ ચડાવાયા પછી અનામતની બહેનો અને બિન-અનામતની બહેનોના તાજેતરના આંદોલન પાછળ આ જ માનસિકતા કાર્યરત હોવાનું અનુભવાય છે. અગાઉના કોંગ્રેસી શાસનકાળમાં પણ અનામત વિરોધી આંદોલનને કોમીમાં ફેરવીને માધવસિંહ સોલંકીને વિધાનસભામાં કુલ ૧૮૨માંથી ૧૪૯ જેટલી વિક્રમી બેઠકો મેળવ્યાના થોડા જ સમયમાં ઉથલાવનારાઓમાં પણ પારકા નહીં, પોતીકા જ હતા. વર્તમાનમાં સગ્ગી નજરે આ ખેલ નિહાળ્યા છતાં જાણેકે મૂકપ્રેક્ષક બની રહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીની વિવશતા સમજાતી નથી. બબ્બે મહિના કરતાં વધુ સમયથી સરકારી ભરતીમાં ન્યાય માટે ગુહાર લગાવતી અન્ય પછાત વર્ગ (ઓબીસી), અનુસૂચિત જાતિ(એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)ની યુવતીઓ રાજધાની ગાંધીનગરની સત્યાગ્રહ છાવણીમાં કડકડતી ઠંડીમાં ધરણાં કરતી હોય કે ઉપવાસ કરતી છતાં એમના પ્રશ્નને ઉકેલવાની કોઈ ઉતાવળ સરકારને નહોતી. વળી, એની સામે સરકારી રિમોટથી જ એક પ્રતિ આંદોલન શરૂ થાય છે. એ બિન-અનામત શ્રેણીમાં આવતી યુવતીઓ કરે અને આ જ સરકારી ભરતીમાં ન્યાય માટે માંગણી કરતું આ આંદોલન હોવાનું જાહેર કરાય છે. વિવાદ એક સરકારી પરિપત્રનો હોય અને બંને બાજુના આંદોલનમાં સૂત્રધારો તો પાછા સત્તારૂઢ ભાજપના જ હોય, સરકાર ભાજપની હોય, પરિપત્ર એમના શાસનના ગાળામાં જ બન્યો હોય; છતાં દોષનો ટોપલો બિચારી સબ કી જોરુ જેવી કોંગ્રેસ પર નાંખવાની પોપટવાણી ભાજપના પ્રવક્તાઓ જ નહીં, મંત્રીઓ પણ વદતા હોય ત્યારે કોણ કોને મૂરખ બનાવે છે એ સાહજિક રીતે સમજી શકાય છે. અને આવા માહોલમાં ભાજપના જ બંને બાજુના નેતાઓ ઉકેલના પેંડા વહેંચવામાં શૂરા જણાય ત્યારે એ થાગડથીગડ ઉકેલ ભવિષ્યમાં કેટલા નડશે એનો વિચાર કરવા જેટલી પણ દીર્ઘદ્રષ્ટિ અપનાવ્યા વિના આજનો ખેલ પાડી દેવાના મૂડમાં તેઓ વધુ છે. હજુ આદિવાસી સમાજ અને માલધારી સમાજના આંદોલન-પ્રતિ આંદોલનને ઠારવાને બદલે સરકાર આદિવાસીઓમાં તડાં પડાવવાના ખેલના ભાગરૂપે રાઠવા સમાજનું ઉંબાડિયું કરે છે. જૂઠાણાં પર રચાતી ઈમારતો ટકાઉ નથી હોતી એ વાત આજના યુગમાં સાચી પડે એની પ્રતીક્ષામાં ગુજરાતની પ્રજા મોઢું વકાસીને તમાશો

- **ગુજરાતમાં ભાજપના સાંસદો, ધારાસભ્યો અને મંત્રીઓના પત્રો છતાં દોષારોપણ કોંગ્રેસ પર!**
- **આનંદીબહેનને હટાવવા અપનાવાયેલા વ્યૂહની પુનરાવૃત્તિ થકી રૂપાણી વિરુદ્ધ ષડ્યંત્રની આશંકા**
- **મુખ્ય ન્યાયાધીશ, કેન્દ્રના કાયદામંત્રી અને રાષ્ટ્રીય આયોગનો ટોચની કોર્ટોમાં અનામતનો આગ્રહ**
- **હાઈકોર્ટો- સુપ્રીમમાં ન્યાયાધીશોની પસંદગીમાં તો સૌથી વધુ અવગણાયેલો સમાજ આદિવાસી**

જોયા કરે છે અને સામે પક્ષે વિપક્ષી કોંગ્રેસ વાતાનુકૂલિત ખંડોમાંથી પ્રજા સાથે હોવાનાં નિવેદનો ઝીંકે રાખે છે. એમ કાંઈ એના દિ' ના વળે છતાં પતાસાં મુખમાં આવી પડે એની પ્રતીક્ષામાં છે. બેઉ પક્ષોના રિમોટ હવે દિલ્હીમાં જ છે.

**સમાજોમાં તડાં પડાવવાના ખેલ**

આજકાલ માત્ર દલિત (એસસી), આદિવાસી (એસટી) અને અન્ય પછાત વર્ગ (ઓબીસી)માં જ નહીં, કથિત ઉજળિયાત કે સવર્ણ વર્ગમાં પણ સરકારી નોકરીઓ અને શિક્ષણમાં પ્રવેશ માટે અનામત માટેના ધખારા વધ્યા છે. કથિત સવર્ણ શબ્દ એટલા માટે વપરાય છે કે ભારતીય બંધારણ તમામ નાગરિકોને સમાન ગણે છે એટલે કે કોઈ સવર્ણ કે કોઈ બિન-સવર્ણ એવા ભેદ કરતું નથી. ભારતીય બંધારણના મુખ્ય ઘડવૈયા એવા બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકર સાથે "સામાજિક ન્યાય કાજે" અનામત પ્રથાને બંધારણીય ગણાવવા માટે ભણેલાગણેલા સવર્ણોની બહુમતી ધરાવતી ૧૯૪૬-'૪૯ દરમિયાનની બંધારણસભાએ સંમતિ આપી હતી, પણ એને યાવત્ચંદ્રદિવાકરો બનાવીને દેશની આઝાદીના સાત-સાત દાયકા પછી પણ વિવિધ સમાજોને આમનેસામને લાવી દેવા જેવા સંજોગો સર્જવા માટે તો અમલમાં આણી નહોતી. અનામત શ્રેણીમાં આવતા વંચિત સમાજો ઉપરાંત સવર્ણો પણ રાજકીય રાજધાનીઓમાં ડેરાતંબુ તાણીને અનામત-અનામતનાં રાજકારણ રમશે એવી કલ્પના પૂર્વસૂરિઓએ કરી નહીં જ હોય. એમને તો પછાતો કે વંચિતોને મુખ્યધારામાં લાવવા માટે ટેકો કરવાની કલ્પના હતી. હવે તો તમામ સમાજોને અનામતનો લાભ લેવો તો છે અને છતાં બિન-અનામત વર્ગમાં ગણાવું છે. હકીકતમાં તાજેતરમાં તો બંધારણીય સુધારો અમલમાં આણીને સવર્ણો માટે ૧૦ ટકા આર્થિક રીતે નબળા વર્ગ (ઇકનોમિકલી વીકર સેક્શનઃ ઇડબલ્યૂએસ) તરીકે અનામતમાં સામેલ કરીને ડૉ.આંબેડકરને અભિપ્રેત ૫૦ ટકાથી અનામતની ટકાવારી વધવી ના જોઈએ એ ટોચમર્યાદા તોડી નાંખી છે. મામલો હજુ ન્યાયિક સમીક્ષામાં છે. કેન્દ્ર કે રાજ્યોમાં સરકારી નોકરીઓનું પ્રમાણ ઝાઝું રહ્યું નથી એટલે રાજનેતાઓએ ખાનગી ક્ષેત્રમાં પણ અનામત પ્રથા દાખલ કરવાની તરફેણ કરવા માંડી છે. એકબાજુ, અનામતની ટકાવારી વધતી ચાલી છે અને બીજીબાજુ,અનામતને બંધારણીય અધિકાર ગણાવવા વિરુદ્ધના સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ નવા વરવા વિવાદ સર્જે છે. વિરોધાભાસી અદાલતી ચુકાદાઓ થકી સમાજમાં ટકરાવનો માહોલ પેદા થઈ રહ્યો છે.

**ન્યાયતંત્રમાં સવર્ણ વર્ચસ્વ**

ઉચ્ચ અદાલતોમાં કથિત સવર્ણો જ મહદઅંશે ન્યાયાધીશો તરીકે બિરાજે છે.ક્યાંક રડ્યાખડ્યા દલિત કે અન્ય પછાત વર્ગના ન્યાયાધીશોને મુખ્ય ન્યાયાધીશ બનવાની તક મળે છે. એવું તો નથી કે ભણેલાગણેલા અનામત શ્રેણીના ન્યાયાધીશો અદાલતોની કામગીરી કાર્યક્ષમ રીતે ના ચલાવી શકે. દેશના જનસામાન્યને ન્યાય મળે અને એનો અદાલતોમાં વિશ્વાસ બેઉ જળવાઈ રહે એ માટે સર્વોચ્ચ અદાલત અને દેશની વડી અદાલતોમાં પણ અનામતનો અમલ અનિવાર્ય લેખાવો જોઈએ. આ વાત દેશના મુખ્ય ન્યાયાધીશ પી.સદાશિવમ (જેમને મોદી સરકારે કેરળના રાજ્યપાલ નિયુક્ત કર્યા હતા) કે દેશના વર્તમાન કાયદા મંત્રી રવિશંકર પ્રસાદ કરે છે. વર્તમાન સરકારના અખત્યાર હેઠળનું રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (નેશનલ શિડ્યૂલ્ડ કાસ્ટ કમિશન) એ સંદર્ભે ભાજપના ૮૩ વર્ષીય પૂર્વ કેન્દ્રીયમંત્રી કારિયા મુંડાના વડપણવાળી સમિતિના અહેવાલને આધારે સુપ્રીમ કોર્ટ અને દેશની હાઈકોર્ટોમાં અનામત પ્રથા દાખલ કરવાની તરફેણ કરતા પોતાના અહેવાલો ભારત સરકારની સત્તાવાર વેબસાઈટ પર મઢે છે. અનામત-અનામતનો રાજકીય ખેલ એવો તો સંવેદનશીલ બની ગયો છે કે કોઈ ટીવી ચર્ચામાં આ જ વાત કહેવામાં આવે ત્યારે સમાજની ઉશ્કેરણી કરવાના આક્ષેપ પણ મઢવામાં આવે છે. કોણ જાણે દેશ અને દેશવાસીઓને રાજકીય શાસકો કઈ દિશામાં લઈ જઈ રહ્યા છે એ પ્રજાને સમજાતું નથી. સર્વપક્ષી રાજનેતાઓ અને શાસકોએ આનું ગંભીર મંથન કરીને સમાજમાં જે વિદ્વેષ સર્જાઈ રહ્યો છે એને સત્વરે ઠારવો પડશે.

(ક્રમશઃ)